# દાઉદ અંગે સરકાર પાસે માહિતી નથી

મુંબઈ,તા. ૫

અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમને લઈને ફરી એકવાર ચર્ચાનો માહોલ ગરમ થયેલો છે ત્યારે આજે લોકસભામાં મોદી સરકારે કબૂલાત કરી હતી કે, ડોન દાઉદ ક્યાં છે તે અંગે કેન્દ્ર સરકાર પાસે કોઈ માહિતી નથી. કેન્દ્ર સરકારના આ જવાબને લઈને આશ્ચર્યનું મોજુ ફરી વળ્યું છે. દાઉદ ઈબ્રાહિમને ક્યારે પણ પકડી શકાશે કે કેમ તેને લઈને સામાન્ય લોકો પણ હંમેશા પ્રશ્ન કરતા રહ્યા છે. કેન્દ્રમાં નવી સરકાર આવ્યા બાદ બે વખત દાઉદના ફોન પકડી પાડવામાં આવ્યા હતા પરંતુ દાઉદ ક્યાં છે તે અંગે માહિતી નથી તેવી વાત કરીને મોદી સરકારે નવી ચર્ચા જગાવી છે. લોકસભામાં નિવેદન કરતા ગૃહરાજ્યમંત્રી હરિભાઈ પારથીભાઈ ચૌધરીએ કહ્યું હતું કે, અન્ડરવર્લ્ડ ડોન ભારતીય ઈન્ટેલીજન્સ રડાર પર નથી. દાઉદ ક્યા છે તે અંગે એક વખતે માહિતી મળી ગયા બાદ તેના પ્રત્યાર્પણ અંગેની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે પણ તેની સામે ખાસ નોટિસ જારી કરી છે. વિષય હજુ સુધી દેખાઈ રહ્યો નથી. દાઉદના સંદર્ભમાં પ્રત્યાર્પણ પ્રક્રિયા એક વખતે વિષય મળી ગયા બાદ હાથ ધરવામાં આવશે. લેખિત પ્રશ્નના જવાબમાં તેમણે આ મુજબની માહિતી આપી હતી. સરકાર વારંવાર કહેતી રહી છે કે, દાઉદ પાકિસ્તાની સુરક્ષા છત્ર હેઠળ પાકિસ્તાનમાં રહે છે. નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બન્યા બાદથી એવું જાણવા મળ્યું છે કે, કેન્દ્રમાં ભાજપ સરકારદાઉદને શોધી કાઢવા માટે અને તેને ન્યાયિક સપાટી ઉપર લાવવા બનતા તમામ પ્રયાસ કરી રહી છે. વર્ષ ૧૯૯૩માં મુંબઈ બ્લાસ્ટના માસ્ટર માઈન્ડ તરીકે દાઉદને ગણવામાં આવે છે. ૧૨મી માર્ચ ૧૯૯૩ના દિવસે સિરિયલ બ્લાસ્ટ થયા હતા જેમાં ૨૫૦થી વધુ લોકોના મોત થયા હતા અને ૭૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. મુંબઈમાં જુદી જુદી જગ્યાઓએ આ બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા. ગયા વર્ષે મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, દાઉદે પોતાની જગ્યા બદલી નાંખી છે અને તે અફઘાન-પાકિસ્તાન સરહદ ઉપર જતો રહ્યો છે. દાઉદને મોદીના ઈરાદાથી દહેશત રહેલી છે. તેને એવી દહેશત પણ રહેલી છે કે જે રીતે અમેરિકાએ અલકાયદાના લીડર ઓસામા બિન લાદેનને અમેરિકાએ કમાન્ડો ઓપરેશન હાથ ધરીને મોતને ઘાટ ઉતારી દીધો હતો તે રીતે ભારત પણ પગલા ભરી શકે છે. આજ કારણસર દાઉદે વારંવાર જગ્યા બદલી છે. તેની સુરક્ષામાં વધારો કરવા પાકિસ્તાનની આઈએસઆઈને કહેવામાં આવ્યું છે. ડી કંપની દાઉદ ઈબ્રાહિમ સાથે જોડાયેલી છે. ડી કંપની જુદી જુદી ગુનેગારી પ્રવૃત્તિમાં સામેલ રહી છે જેમાં નાર્કોટિક્સ, ખંડણી, દાણચોરી અને કોન્ટ્રાક્ટ કિલિંગ જેવી બાબતનો સમાવેશ થાય છે.



## ઈસરોના બે ટકા એન્જિનિયરો આઈઆઈટી-એનઆઈટીના

નાગપુર,તા. ૫


તાજેતરમાં જ કરવામાં આવેલી આરટીઆઇ અરજીના જવાબમાં દાવો કરવામાં આવ્યો છે કે અંતરિક્ષના ક્ષેત્રમાં ઇસરોએ એકપછી એક નવા ઇતિહાસ સર્જયા છે. પરંતુ સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે ઇસરોના માત્ર બે ટકા એન્જિનિયરો જ આઇઆઇટી જેવી અગ્રણી સંસ્થાઓ અને એનઆઇટીના છે. માત્ર બે ટકા ગ્રેજુએટ જ આ સંસ્થામાંથી સામેલ થયા છે. ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ઇસરોના માત્ર બે ટકા કર્મચારીઓ જ આઇઆઇટી અને એનઆઇટીમાંથી નિકળેલા છે. સેટેલાઇટ લોંચ અને અન્ય અનેક સિદ્ધી ઇસરોના વૈજ્ઞાનિકો મેળવી રહ્યા છે. અમેરિકી અંતરિક્ષ સંસ્થા નાસા દ્વારા પણ તેની પ્રશંસા થઇ રહી છે. ઇસરોને અગ્રણી સંસ્થાઓના કુશળ લોકોની જરૂર છે તેમ કેટલાક નિષ્ણાંત માને છે પરંતુ આરટીઆઇ અરજીના જવાબમાં જાણવા મળ્યું છે કે માત્ર બે ટકા એન્જિનિયરો અગ્રેણી સંસ્થાના છે. વિક્રમ સારાભાઇ સ્પેશ`સેન્ટરના વરિષ્ઠ અધિકારી વી. અદિમુર્થીએ કહ્યું હતું કે અન્ય ક્ષેત્રોમાં પણ ઓછા વિદ્યાર્થીઓ પહોંચ રહ્યા છે. રોડ, રેલવેમાં પણ કુશળ સંસ્થાઓના એન્જિનિયરો ઓછા છે. જો કે ઇસરોની સેન્ટ્રાલાઇઝ ભરતી વ્યવસ્થા અન્યો કરતા અલગ રહી નથી. અનેક પાસા પર વિચારણા કરવામાં આવી રહી છે. ઇસરોના ચેરમેન કે. રાધાકૃષ્ણને કહ્યું છે કે ઇસરોને ટોપરની અરજી મળી રહી છે. અમને કેટલાક ખુબ હોશિયાર વિદ્યાર્થીઓ મળ્યા છે. જે ઇસરોને નવી ઉંચાઇ પર લઇ જશે. વિક્રમ સારાબાઇ સ્પેસ સેન્ટરમાં કુલ સ્ટાફ ૪૪૮૬ છે જે પૈકી આઇઆઇટીએસ અને નીટમાંથી માત્ર ૪૩ લોકો છે.

**સલમાનના ભવિષ્યને લઇને ફિલ્મ નિર્માતા, નિર્દેશકો પરેશાન**

## સલમાન હિટ એન્ડ રનમાં આજે ચુકાદો

મુંબઈ,તા. ૫

સમગ્ર દેશને હચમચાવી મુકનાર વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં આવતીકાલે બુધવારે ચુકાદો જાહેર કરવામાં આવનાર છે. તેના પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. બોલીવુડના સુપરસ્ટાર સલમાન ખાનનું ભાવિ આના પર આધારિત રહેલું છે. ૧૩ વર્ષ જુના હિટ એન્ડ રન મામલામાં સલમાન બિનઈરાદે હત્યાના આરોપનો સામનો કરી રહ્યો છે. આ મામલામાં ૧૦ વર્ષ સુધીની સજા થઈ શકે છે. મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને કોર્ટ સકુલની આસપાસ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દેવામાં આવી છે. સલમાનના ચાહકોને પણ ઈંતજાર છે. કરોડો ચાહકો આની રાહ જોઈ રહ્યા છે. છેલ્લી સુનાવણી દરમિયન સલમાન કોર્ટમાં ઉપસ્થિત રહ્યો ન હતો. સલમાનના ચાહકોને કોર્ટ સંકુલમાં પ્રવેશવાથી રોકવા પગલા લેવામાં આવી રહ્યા છે. કોર્ટ સંકુલમાં માત્ર મિડિયા કર્મી, વકીલો અને કોર્ટના સ્ટાફના જવાની મંજુરી અપાઈ છે. સલમાનના હિટ એન્ડ રન મામલામાં આ અંતિમ તબક્કો હોઈ શકે છે. કારણ કે, પુરાવા અને



સાક્ષી કોર્ટમાં પોતાની રજૂઆત કરી ચુક્યા છે. આ મામાલામાં બચાવ પક્ષ તરફથી સાક્ષી તરીકે માત્ર સલમાનના ડ્રાયવર અશોકસિંહને રજૂ કરવામાં આવ્યો હતો. તેની જુબાનીને લઈને પણ પ્રશ્નો થઈ રહ્યા છે. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે સલમાનની ગાડીની ટક્કરથી એકનું મોત થયું હતું. આમા અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. ચુકાદાને લઈને બોલિવુડ પણ ચિંતાતુર છે. જજ ડીડબલ્યુ દેશપાન્ડે છઠ્ઠી મેના રોજ ચુકાદો જાહેર કરનાર છે. સવારે ૧૧.૧૫ વાગે જાહેર થનાર ચુકાદા પર દુનિયાની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ખાસ કરીને બોલિવુડના નિર્માતા નિર્દેશકો વધારે ચિંતાતુર છે. કારણ કે તે ઘણી ફિલ્મના શુટિંગમાં હાલ વ્યસ્ત છે. જો સલમાનને દોષિત જાહેર કરવામાં આવશે તો તેને લાંબી સજા થઈ શકે છે. આવતીકાલે શુ થશે તેને લઈને કરોડો ચાહકોમાં પણ તર્ક વિતર્કો જારી રહ્યા છે. સલમાન હાલમાં પોતાના પરિવારની ચિંતાને લઈને પણ પરેશાન થયેલો છે. સલમાન ખાનના નજીકના મિત્રો સાથે વાત કરવામાં આવી છે. આ લોકોનુ કહેવુ છે કે સલમાન હાલમાં ખુબ ચિંતાજનક સ્થિતીમાંથી પસાર થઈ રહ્યો છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે સલમાનની ફિલ્મ અટવાશે તો જંગી નુકસાન થઈ શકે છે. સલમાનના અન્ય એક મિત્રે કહ્યુ છે કે સલમાનની સાથે કટોકટીના સમયમાં સમગ્ર પરિવાર છે. તે હાલમાં શુટિંગમાં વ્યસ્ત છે. તેની બહેન અર્પિતા તેનો પતિ આયુષ હાલમાં તેની સાથે છે. સલમાન પોતાના પુત્રને લઈને ભારે ચિંતિતિ છે. બોલિવુડમાં સલમાન સાથે પોતાની કેરિયરની શરૂઆત કરનાર ખુબસુરત ડેઝી શાહે કહ્યું છે કે સલમાનને લઈને દરેક વ્યક્તિ ચિંતિત છે. સલમાન જે કઈ પણ ચુકાદો આવે તે સ્વીકારવા માટે તૈયાર છે. સલમાને ભગવાન પર તમામ બાબતો છોડી દીધી છે. બીજી બાજુ કરણ જોહરે કહ્યું છે કે સલમાનને લઈને તે ખુબ ચિંતિત છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં બોલિવુડના સૌથી મોટા સ્ટાર તરીકે સલમાનને ગણવામાં આવે છે. તેની તમામ ફિલ્મો બોકસ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી રહી છે. તેના નામ પરથી ફિલ્મો સુપર હિટ થઈ રહી છે.સલમાનની આવનારી ફિલ્મોમાં પ્રેમ રતન ધન પાયો અને ભાઈજાનનો સમાવેશ થાય છે.

## કેરળ : ટોપ નક્સલી કમાન્ડર અને અન્ય ૪ની ધરપકડ થઈ

કોઈમ્બતુર, તા. ૫

કેરળમાં ઓછામાં ઓછા ૨૦થ વધુ કેસોમાં વોન્ટેડ ટોપ માઓવાદી લીડર, તેના પત્નિ અને અન્ય ત્રણની તમિળનાડુમાં ધરપકડ કરી લેવામાં આવી છે. ચાર રાજ્યોની પોલીસ માટે આને ખુબ મોટી સફળતા તરીકે ગણવામાં આવે છે. ટોપ માઓવાદી લીડર અનેક પ્રકારના ગુનાઓમાં સામેલ રહ્યો છે. લો ગ્રેજ્યુએટ લુપેશ, તેની પત્નિ સાયના છેલ્લા ૧૦ વર્ષથી ધરપકડને ટાળવાના પ્રયાસ કરી રહ્યા હતા. પોલીસે ગઈકાલે મોડી રાત્રે કાર્યવાહી હાથ ધરીને તમામને પકડી પાડ્યા હતા. આંધ્રપ્રદેશ, કેરળ, કર્ણાટક અને તમિળનાડુ પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યા બાદ તેમની ધરપકડ કરી લેવામાં આવી હતી. કેરળના ગૃહમંત્રી રમેશ ચેનીથાલા દ્વારા ધરપકડના અહેવાલને સમર્થન આપ્યું છે. ચેનીથાલાનું કહેવું છે કે, આ ખુબ મોટી સફળતા છે. ચાર રાજ્ય સરકારોના સંયુક્ત પ્રયાસના લીધે આ સફળતા હાથ લાગી છે. ઓછામાં ઓછા પાંચ માઓવાદીઓની ધરપકડ કરવામાં આવી છે. બે મહિના અગાઉ આંધ્ર, કર્ણાટક, કેરળ અને તમિળનાડુ પોલીસે તેમને પકડી પાડવા માટે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યુ હતું. માઓવાદીઓની આકરી પુછપરછ કરવામાં આવી રહી છે. રૂપેશને પુછપરછના હેતુસર કેરળ લાવવામાં આવનાર છે. બીજી બાજુ પાંચ કુખ્યાત માઓવાદીઓની ધરપકડ કરવામાં આવ્યા બાદ તમિળનાડુ-કેરળ સરહદ ઉપર સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ગ્રામિણ પોલીસે ૩૦૦થી વધુ જવાનો તૈનાત કરી દીધા છે.

ઘટનાક્રમના સંદર્ભમાં તમિળનાડુ-કેરળ સરહદ ઉપર પોલીસ સ્ટેશન અથવા ચેક પોસ્ટ ઉભા કરવામાં આવ્યા છે. સરહદી વિસ્તારમાં સુરક્ષા વધુ મજબૂત કરવામાં આવી છે. માઓવાદીઓ સરહદી વિસ્તારોમાં હુમલાઓ કરી શકે છે. આવી સ્થિતિમાં સુરક્ષા વધારવામાં આવી છે. કોઈમ્બતુરથી પ્રાપ્ત અહેવાલ મુજબ માઓવાદી લીડરની કોઈમ્બતુરથી આશરે ૨૫ કિલોમીટરના અંતરે કરુમાથામપટ્ટીમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

## બેંગ્લોર અને પંજાબ વચ્ચે આજે રોમાંચક જંગ રહેશે

બેંગ્લોર,તા. ૫

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને કિંગ્સ ઈલેવન પંજાબ વચ્ચે આવતીકાલે હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગમાં જંગ ખેલાનાર છે. રોયલ ચેલેન્સર્જ બેંગ્લોરની છેલ્લી મેચમાં ચેન્નાઈ સુપર સામે હાર થઈ હતી. તે જોતા આવતીકાલેની મેચમાં રોયલ ચેલેન્સર્જ પોતાની તાકાત લગાવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ચેન્નાઈ સુપર કિંગ્સની સ્થિતિ વધુ મજબૂત બની ગઈ અને ૧૦ મેચમાં સાત જીત સાથે ૧૪ પોઈન્ટ ધરાવે છે અને તે પ્રથમ સ્થાન પર છે. રનરેટની દૃષ્ટિએ હવે તે પ્રથમ ક્રમાંક પર છે. રાજસ્થાન રોયલ્સના પણ ૧૪ પોઈન્ટ છે પરંતુ તેના ૧૧ મેચમાં આ ૧૪ પોઈન્ટ છે. ચેન્નાઈ સામે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમ માત્ર ૧૨૪ રન બનાવી શકી હતી. બ્રાવોએ શાનદાર ઓલરાઉન્ડર દેખાવ કર્યો હતો. કોહલી ૪૮ અને ડિવિલિયર્સ ૨૧ રન કરી આઉટ થયો હતો જ્યારે આ મેચમાં ગેઈલ રમ્યો ન હતો. બેંગ્લોરના નિરાશાજનક દેખાવથી ચાહકો નિરાશ થયા હતા. જો કે, ચેન્નાઈ સુપરે ભવ્ય દેખાવ કર્યો હતો.

## જીએસટી બિલ સંસદીય પેનલને મોકલવાની માંગ અંતે ફગાવાઈ

નવીદિલ્હી,તા. ૫

લોકસભામાં જીએસટી બિલને આજે હાથ ધરવામાં આવ્યું હતું. અધ્યક્ષ સુમિત્રા મહાજને ચાવીરુપ સુધારા બિલને સંસદીય સ્થાયી સમિતિને સોંપવા માટેની વિપક્ષની માંગણીને ફગાવી દીધી હતી. ત્યારબાદ લોકસભામાં જીએસટી બિલ ચર્ચા માટે હાથ ધરાયો હતો. ધાંધલ ધમાલના દોર વચ્ચે વિરોધ પક્ષના સભ્યોએ ભારપૂર્વક કહ્યું હતું કે, ૧૨૨માં બંધારણીય સુધારા બિલને નાણા અંગેની સ્થાયી સમિતિને સોંપવામાં આવે તે જરૂરી છે. કારણ કે તે નવું બિલ છે. યુપીએ સરકાર દ્વારા લાવવામાં આવેલા આવા જ એક બિલનો અગાઉ પણ વિરોધ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસ, બીજેડી, અન્નાદ્રમુક, સીપીઆઈના સભ્યોએ સંસદીય સ્થાયી સમિતિની તરફ ધ્યાન નહીં આપવા બદલ મોદી સરકારની ઝાટકણી કાઢી હતી. તમામ વિરોધ પક્ષોએ આક્ષેપ કર્યો હતો કે, કેટલાક મહત્વના બિલ સ્થાયી સમિતિને આપવામાં આવ્યા નથી. નાણામંત્રી અરુણ જેટલીએ આજે રજૂઆત કરી હતી કે, આ બિલને લઈને ગુંચવણને દૂર કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, જો



જીએસટી બિલને પેનલને ફરી મોકલવામાં આવશે તો અન્ય એક નાણાંકીય વર્ષ સુધી રાજ્યોને લાભ મળશે નહીં. કારણ કે પહેલી એપ્રિલ ૨૦૧૬ની મહેતલ ચુકી જવાશે. તેમણે ઉમેર્યુ હતું કે, સ્થાયી સમિતિમાં પહેલાથી જ બે અઢી વર્ષથી આને લઈને ચર્ચા કરવામાં આવી ચુકી છે. આ બિલની જોગવાઈને લઈને રાજ્યોના નાણામંત્રીઓની એમ્પાવર્ડ કમિટિમાં સર્વસંમતિ છે. વધુમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે પણ સર્વસંમતિ રહી છે. વિરોધ પક્ષોને સમજાવવાના પ્રયાસ કરતા જેટલીએ કહ્યું હતું કે, તમામ કોંગ્રેસ શાસિત રાજ્યોએ પણ બિલને ટેકો આપ્યો છે. પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સાને આનાથી સૌથી વધારે ફાયદો થશે. પશ્ચિમ બંગાળમાં તૃણમુલ કોંગ્રેસ સરકાર છે જયારે ઓરિસ્સામાં બીજેડીની સરકાર છે. પક્ષપાતી વિચારધારાથી બહાર આવીને આગળ વધવા વિરોધ પક્ષોને જેટલીએ અપીલ કરી હતી. આ મહત્વપૂર્ણ બિલના પ્રસારણને રોકવાથી કોઈપણ હેતુ પાર પડશે નહીં.

આનાથી રાજ્યોને નાણાંકીયરીતે નુકસાન થશે. જીએસટી બાદ સરકાર કેન્દ્ર અને રાજ્યોની સત્તા અંગે વધુ ત્રણ બિલ લાવવાની યોજના ધરાવે છે. જીએસટી બિલ બંધારણીય સુધારા બીલ છે જેને રાજ્ય વિધાનસભાઓની ૫૦ ટકા સભ્ય સંખ્યા સાથે મંજુરી આપવામાં આવનાર છે.

## દિલ્હીને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો નહીં જ અપાય

નવીદિલ્હી,તા. ૫

દિલ્હીને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા અંગેના અહેવાલને કેન્દ્રીય ગૃહમંત્રાલયે રદિયો આપી દીધો છે. ગૃહમંત્રાલયના સૂત્રોનું કહેવું છે કે, દિલ્હીને આ પ્રકારનો દરજ્જો આપવા માટે કોઈપણ વિચારણા ચાલી રહી નથી. દિલ્હીમાં હાલ એએપીની સરકાર છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દિલ્હીને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા માટે અનેક વખત રજૂઆત કરી ચુક્યા છે. એએપી દ્વારા ચૂંટણી ઢંઢેરામાં દિલ્હીને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાનું વચન આપ્યું હતું. વિધાનસભાની ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતિ મળ્યા બાદ તેમના ભાષણમાં પણ કેજરીવાલે દિલ્હીને સંપૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની વાત કરી હતી. દિલ્હીના મુખ્યમંત્રી અને દિલ્હીના લેફ્ટી ગવર્નર નઝીબજંગ વચ્ચે હાલમાં ખેંચતાણ થઈ છે. પાટનગર માટે સંપૂર્ણ રાજ્યના દરજ્જાને લઈને આક્ષેપ પ્રતિ આક્ષેપોનો દોર હંમેશા જારી રહ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રાલયે આવી કોઈ ચર્ચા ચાલી રહી હોવાના અહેવાલને રદિયો આપીને અટકળોનો અંત આણી દીધો છે.

## નરેન્દ્ર મોદીની કોલકત્તા યાત્રા પહેલા સઘન સુરક્ષા વ્યવસ્થા

નવી દિલ્હી,તા. ૫

વૈશ્વિક ત્રાસવાદી સંગઠન અલ કાયદા દ્વારા જારી કરવામાં આવેલા નવા વિડિયો બાદ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષાને વધારે મજબુત કરવામાં આવી રહી છે. મોદી કોલકત્તાની તેમની યાત્રાની તૈયારી કરી રહ્યા છે ત્યારે તમામ સુરક્ષા સંસ્થાને એલર્ટ કરી દેવામાં આવી છે. મોદી નવમી મેના દિવસે કોલકત્તા જનાર છે. મોદીના તમામ કાર્યક્રમ નવેસરથી તૈયાર કરવામાં આવી રહ્યા છે. કેન્દ્ર સરકારે વધારે પડતી સાવધાની રાખવા માટે કોલકત્તા પોલીસને સુચના આપી છે. લાલબજારના અધિકારી હાલમાં વડાપ્રધાનના કાફલાના રૂટને તૈયાર કરવામાં લાગેલા છે. એજ દિવસે કેકેઆરની મેચ પણ છે. જેથી વધારે લોકો રહી શકે છે. અધિકારીઓએ કહ્યું છે કે કોઈ પણ અનિચ્છનીય બનાવને રોકવા માટે ૨૦ હજાર જવાન તૈનાત કરવામાં આવી રહ્યા છે. મોદી માટે યાત્રા ખાસ છે. કારણ કે તેઓ એક દિવસની પોતાની યાત્રા દરમિયાન રામકૃષ્ણ મઠ અને મિશન ઓર્ડર અધ્યક્ષ સ્વામી આત્મસ્તનનંદ મહારાજને પણ મળશે. સ્વામી આત્મસ્તનંદ મોદીના ગુરૂ તરીકે છે. તેમના કહેવાથી સન્યાસીના જીવન તરફ વધી રહેલા મોદીએ રાજનિતીમાં એન્ટ્રી કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સંગઠન અલકાયદાએ પ્રથમ વખત પોતાના કોઈ વીડિયોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામનો સીધી રીતે ઉલ્લેખ કર્યો હતો. અલકાયદાના નવા વીડિયોમાં ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે કે, અમેરિકા, સંયુક્ત રાષ્ટ્ર, વર્લ્ડ બેંક અને નરેન્દ્ર મોદી ઈસ્લામના દુશ્મન તરીકે છે. આ વીડિયોમાં અલકાયદાએ કેટલીક ધમકીઓ પણ આપી છે. અલકાયદાની ભારતીય શાખા તરફથી બીજી મેના દિવસે જારી કરવામાં આવેલા આ વીડિયોમાં ફાંસથી બાંગ્લાદેશ સુધી શાંતિ ક્યારેય પણ થશે નહીં તેવી સ્પષ્ટપણે ચેતવણી આપવામાં આવી છે. સાથે-સાથે જેહાદને જાળવી રાખવાની વાત પણ કરાઈ છે. એક્યુઆઈએસના ચીફ અસીમ ઓમરે નરેન્દ્ર મોદીના નામનો ઉલ્લેખ કરીને કહ્યું છે કે, મુસ્લિમોની સામે એક યુદ્ધ ચલાવાઈ રહ્યું છે. આતંકવાદીઓએ કહ્યું છે કે, વર્લ્ડ બેંક, આઈએમએફની યોજના, ડ્રોન હુમલાઓ, ચાર્લી શબ્દોના લેખ, યુએન ચાર્ટર, મુક્તિના આદેશો અને નરેન્દ્ર મોદીના ભાષણ મારફતે મુસ્લિમોની સામે યુદ્ધ ચલાવાઈ રહ્યું છે.અલકાયદાના આ વિડિયો બાદ તમામ પગલા લેવામાં આવી રહ્યા છે.

## નેતાજી જાસૂસી : સરકાર કોઈ તપાસ કરી રહી નથી

નવીદિલ્હી,તા. ૫

મોદી સરકારે આજે લોકસભામાં માહિતી આપતા કહ્યું હતું કે, સરકાર નેતાજી સુભાષચંદ્ર બોઝના પરિવારના સભ્યો ઉપર જાસુસીના અહેવાલના મામલામાં કોઈ તપાસ કરવાની યોજના ધરાવતી નથી. ૨૦ વર્ષથી ઈન્ટેલીજન્સ બ્યુરો દ્વારા જાસુસીના અહેવાલમાં તપાસ કરવામાં આવશે નહીં. લોકસભામાં ગૃહરાજ્યમંત્રી હરિભાઈ ચૌધરીએ માહિતી આપતા કહ્યું હતું કે, જાસુસીના મામલામાં તપાસ કરવામાં કોઈ હેતુ રહેલો નથી. પ્રધાને એમ પણ કહ્યું હતું કે, કોસલા કમિશન અને મુખરજી કમિશન સાથે સંબંધિત મામલાઓ સહિત નેતાજીને આવરી લેતી મોટી સંખ્યામાં ફાઈલો પહેલાથી જ ડી ક્લાસિફાઈડ કરવામાં આવી છે અને નેશનલ આર્ચીવ્સ ઓફ ઈન્ડિયાને મોકલી દેવામાં આવી છે. જો કે, કેટલીક ક્લાસિફાઈડ ફાઈલો સરકાર પાસે રહેલી છે. કેટલીક ફાઈલો પશ્ચિમ બંગાળ સરકાર પાસે છે. હાલમાં જ એવા અહેવાલને લઈને વિવાદ ઉભો થઈ ગયો હતો કે નેતાજીના પરિવારના સભ્યોની ૨૦ વર્ષ સુધી આઈબી દ્વારા જાસૂસી કરાઈ હતી.

### Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

સર્જક : વૉવ પપ્પા, મને એક આઈડિયા આવ્યો છે. જયારે જયારે હું ફળો કાપીશ ત્યારે ત્યારે એના બિયા ચોખ્ખાં કરી સુકવીને સાચવી રાખીશ. અમે જયારે ચોમાસામાં પ્રવાસે જઈશું ત્યારે આ બી લઈ જઈશું અને જંગલમાં ખાડાં કરીને રોપતાં આવીશું.

પપ્પા : એના કરતાં તમે એક કામ કરો. તમે એક બિયારણ બેન્ક શરુ કરો. ખૂબ પ્રકારનાં બિયાં ભેગા કરો. કેરીના ગોટલા ભેગા કરો. હવે આગળનો આઈડિયા તમને આપું છું.

સર્જક : ઊભા રહો, હવે મારા આઈડિયાની બત્તી ચાર્જ થઈ છે. મને જ નવી કલ્પનાઓ સુજી રહી છે. પણ હું તમને બધું કહીશ નહીં. હું હવે તમને કંઈક કરીને બતાવીશ, ખાલી કહીશ નહીં.

પપ્પા : વાહ, હવે તો તને ડબ્બલ શાબાશી.

સર્જક : જુની નોટોનાં કોરાં કાગળ ફાડીને એની નોટો બાઈન્ડિંગ કરીને અમે નવાં વર્ષના પ્રેક્ટીસ માટે તૈયાર કરીશું. સોસાયટી સ્વચ્છતા કાર્યક્રમ કરીશું. ઝૂંપડપટ્ટીના બાળકોને ગણિત શીખવાડીશું.

પપ્પા : જો બેટા તને જ વિચાર આવવાં શરુ થયાં ને?

સર્જક : માટે મારા કપડાં ઈસ્ત્રી કરતાં શિખવું છે.

પપ્પા : હું શિખવાડીશ, ચિંતા ન કરતો.

સર્જક : મને સાઈકલ રિપેરીંગની દુકાને લઈ જશો. મારે પંચર રિપેર કરતાં, સાઈકલની ચેન ચઢાવતાં શિખવી છે.

પપ્પા : અરે હું તેન મારા મિત્રનાં સ્કૂટર રિપેરીંગ ગેરેજમાં લઈ જઈશ, પછી જો તને શું શું જાણવાં મળે છે...

સર્જક : વૉવ, આ વેકેશન પતે જ નહીં એવું મને લાગે છે. પપ્પા યુ આર રિઅલી ગ્રેટ!!

ચૂંટલો :

બાળકોને મા-બાપે એમની અધૂરી રહેલી ઈચ્છાઓ થોપી બેસાડવાં કરતાં એની સર્જન શૈલી ખિલી ઊઠે એવો માહાલો તૈયાર કરી આપે તો ઉત્સાહપૂર્વક રજાનો આનંદ માણી શકશે. બસ એમને દરિયાની જેમ ઉછળવા દો અને પંખીની જેમ ઉડવા દો.

## ઉથલપાથલ વચ્ચે સેંસેક્સ ૫૦ પોઈન્ટ ઘટી બંધ રહ્યો

મુંબઈ, તા. ૫

શેરબજારમાં આજે ફ્લેટ સ્થિતિ રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૫૦ પોઇન્ટ ઘટીને ૨૭૪૪૦ની સપાટીએ રહ્યો હતો જ્યારે સાત પોઇન્ટ ઘટીને ૮૩૨૪ની સપાટીએ રહ્યો હતો. ગઇકાલે શેરબજારમાં તેજી રહી હતી. વૈશ્વિક બજારમાં પણ હાલ ઉથલપાથલની સ્થિતિ જોવા મળી રહી છે. એશિયન બજારમાં મંદીનું મોજુ ફરી વળ્યું હતું. ચીની શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેક્ટર અને શેરની વાત કરવામાં આવે તો મેટલ ઇન્ડેક્સમાં સૌથી વધુ ૨.૯ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ઓઇલ એન્ડ ગેસ રિયાલીટી, હેલ્થકેર, એફએમસીજીમાં ઉછાળો જોવા મળ્યો હતો. આઈટીના શેરમાં મિશ્ર સ્થિતિ રહી હતી. નાણામંત્રાલય દ્વારા આયર્ન ઓર પર નિકાસ ડ્યુટીમાં કાપ મુકી દીધો છે. પહેલી જૂન ૨૦૧૫થી નિકાસ ડ્યુટી ૩૦ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરી દેવામાં આવશે. વેદાંતાના શેરમાં ૬.૭ ટકાનો અને તાતા સ્ટીલમાં પાંચ ટકાનો ઉછાળો રહ્યો હતો. એનએનડીસીમાં ૪.૧ ટકાનો ઉછાળો રહ્યો હતો. હિન્ડાલ્કોમાં ૪.૭ ટકાનો ઉછાળો રહ્યો હતો. મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૬ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો જ્યારે સ્મોલકેપમાં ફ્લેટ સ્થિતિ રહી હતી. માર્કેટબ્રીડ્થ તટસ્થ રહી હતી. ૧૩૭૬ શેરમાં તેજી રહી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં ગઇકાલે તીવ્ર લેવાલીના માહોલમાં જોરદાર તેજી જામી હતી. અગાઉના ત્રણ સેશનમાં નુકશાન રહ્યા બાદ રિબાઉન્ડની સ્થિતિ જોવા મળી રહી છે. ઓટો અને ઓઈલના શેરમાં જોરદાર લેવાલી જામી હતી. જેના પરિણામ સ્વરૂપે તેજીનું મોજું ફરી વળ્યું છે. ગઇકાલે કારોબારના અંતે સેંસેક્સ ૪૭૯ પોઈન્ટ ઉછળીને ૨૭૪૯૧ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૫૦ પોઈન્ટ ઉછળીને ૮૩૩૨ની સપાટીએ રહ્યો હતો. એપ્રિલ મહિના માટે માસિક વેચાણના આંકડા અપેક્ષા કરતા વધુ સારા રહેતાં કારોબારીઓ ખુશખુશાલ દેખાયા હતા. માર્કેટમાં જોરદાર લેવાલી રહી હતી. ગઇકાલે શેરબજારમાં જોરદાર તેજી રહ્યા બાદ આજે ફરી મંદીનું મોજુ ફરી વળ્યું હતું.

## ૭.૫ તીવ્રતાના ધરતીકંપથી પપુઆ ન્યુગીની ધ્રુજી ઉઠયુ

પોર્ટમોરસ્બી,તા. ૫

નેપાળમાં આવેલા વિનાશકારી ભૂકંપ બાદ હવે દક્ષિણ પશ્ચિમ પ્રશાંત મહાસાગરમાં સ્થિત દેશ પાપુઆ ન્યુગીનીમાં આજે સવારે પ્રચંડ ધરતીકંપ આવ્યો હતો. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૫ જેટલી નોંધાઈ છે. જો કે અમેરિકી ભૂકંપ સાથે સંબંધિત સંસ્થાએ કહ્યું છે કે તીવ્રતા ૭.૪ હતી. પ્રચંડ ધરતીકંપ આવ્યા બાદ તરત જ સુનામીની ચેતવણી જારી કરવામાં આવી હતી. પ્રાથમિક અહેવાલમાં જાનમાલના નુકસાનના કોઈ અહેવાલ મળ્યા નથી. આ અગાઉ ગુરૂવારે રબાઉલમાં આવેલા શક્તિશાળી ધરતીકંપના કારણે પણ લોકો દહેશતમાં મુકાઈ ગયા હતા.




જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૯ જેટલી નોંધાઈ હતી. સમાચાર સંસ્થાએ માહિતી આપતા કહ્યું છે કે ભૂકંપના ૩૦૦ કિલોમીટરની હદમાં સુનામીની ચેતવણી જારી કરવામાં આવી છે. પ્રશાંત મહાસાગર ક્ષેત્ર માટે સુનામી વોર્નિંગ સેન્ટર દ્વારા ચેતવણી આપવામાં આવી છે. ચેતવણીમાં કહેવામાં આવ્યું છે કે ભારે નુકસાન કરી શકે તેવા તોફાન આવી શકે છે. રબાઉલ શહેરના એક હોટલ માલિકે માહિતી આપતા કહ્યું છે કે શહેરમાં આવેલા ધરતીકંપના આંચકા આટલા શક્તિશાળી હતા કે સ્વીમિંગ પુલમાંથી પાણી બહાર આવી ગયું હતુ.

આ તમામ વિસ્તાર સૌથી વધારે ભૂકંપ પ્રભાવિત વિસ્તાર પૈકી છે. દરિયાકાઠાના વિસ્તારોમાં સુનામીની ચેતવણી જારી કરવામાં આવી છે. ગયા સપ્તાહમાં જ ૨૦૦૦૦ લોકોની વસ્તી ધરાવતા શહેર કાકોપોમાં ૬.૮ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો. પ્રાથમિક તારણોના આધાર પર હાલ ચિંતા પ્રવર્તી રહી છે.